ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨ ઓગસ્ટ, ૨૦૨૬

# હોમરથી નોલન સુધીની ઓડિસી

## એક જ મહાકાવ્ય, બદલાતા યુગનાં નવાં સત્ય

સ્ટોફર નોલનની ફિલ્મ 'ધ ઑડિસી' હજી સુધી સતત ચર્ચામાં છે. તેનાં પાત્રો, તેનાં અભિનેતાઓ, તેમાં કહેવાયેલી વાર્તામાં હોમરનાં મૂળ મહાકાવ્યથી શું ફેર છે તેની ચર્ચાઓ અટકી નથી રહી. એમાં પણ પાછાં આ ફિલ્મના મેકર્સ અને અભિનેતાઓ ભારતના મહેમાન બન્યાં, એમાં આપણો ઉત્સાહ ચાર ગણો વધી ગયો છે. આપણા રાજકારણમાં પણ ઘણું બધું ચાલી રહ્યું છે, પણ થયું કે જરા ડાયવર્ટ થઈને, મોડાં તો મોડાં, આ ફિલ્મની વાત કરવી તો જોઈએ જ.

હોમરનું મહાકાવ્ય આઠમી સદી ઈસવીસન પૂર્વે, એટલે કે લગભગ ઈ.સ.પૂ. 725થી 675 દરમિયાન રચાયું હતું. ત્યારે તે પણ કોઈ પુસ્તક તરીકે નહીં, પરંતુ મૌખિક પરંપરા તરીકે પ્રસારિત થયું હતું અને બાદમાં તેને લિપિબદ્ધ કરાયું હતું. ઈથાકાના રાજા ઓડિસ્યૂસની આ વાત છે, જેમાં તે ટ્રોજન વૉર પછી ઘરે પહોંચવા

**એક સમયે અપરાધભાવ વહેંચાયેલો હતો, હવે તેનું ખાનગીકરણ થઈ ગયું છે અને છતાં પણ, અહીંથી આ આખી વાત ખરેખર અગત્યની બને છે કારણકે નોલનના ઓડિસ્યૂસને પણ હોમરના ઓડિસ્યૂસને જે મળ્યું હતું એ બધું જ મળે છે**

માગે છે અને તેમાં તે દસ વર્ષ ભટકતો રહે છે. હોમરિક મહાકાવ્યો શાસ્ત્રીય યુગ દરમિયાન ગ્રીક વિશ્વના શૈક્ષણિક પાયાનો ભાગ હતાં અને પેનહેલેનિક સાંસ્કૃતિક ઓળખને આકાર આપવામાં મદદરૂપ થયાં હતાં. મોટા ભાગના લોકોએ ફિલ્મ જોઈ હશે અને જેમણે નહીં જોઈ હોય, તેઓ મોડા મોડા તો પણ જોશે ખરાં.

હોમરના મહાકાવ્યમાં ઓડિસ્યૂસ ઘરે પાછો ફરીને પોતાના મહેલમાં ૧૦૮ પુરુષોનો વધ કરે છે. આ એવા પુરુષો હતા, જે ઓડિસ્યૂસની પત્ની સાથે પરણવા માગતા હતા, જેથી તેઓ ઈથાકા પર રાજ કરી શકે. મહાકાવ્યમાં ઓડિસ્યૂસનું આ પુરુષોને મારવું ન્યાયી ગણાયું છે. ક્રિસ્ટોફર નોલનનો ઓડિસ્યૂસ ઘરે પાછો ફરીને એક પાર્ટિશનની પેલે પાર બેઠેલી પોતાની પત્ની સમક્ષ પોતે કરેલી હિંસા, ક્રૂરતા વગેરેની કબૂલાત કરે છે. તે તેને

### એક હીરો, અનેક પુનઃકલ્પનાઓ

**1922– જેમ્સ જોયસનીયુલિસિસઃ** ઘરે પાછા ફરવાની સમગ્ર યાત્રા ડબ્લિનના એક જ દિવસમાં સમેટાઈ.
**1954–યુલિસિસઃ** કર્ક ડગ્લસ એક ચતુર અને પશ્ચાતાપ વિનાના રાજા તરીકે; સ્વભાવની દૃષ્ટિએ હોમરની રચનાની સૌથી નજીક.
**1997– NBCની મિનિસિરીઝધ ઓડિસીઃ** આર્મન્ડ અસાન્ટે સાથેની આવૃત્તિ, જેમાં વાર્તા મુખ્યત્વે સાહસકથા તરીકે જ રજૂ થઈ.
**2000– કોએન બ્રધર્સની "ઓ બ્રધર, વ્હેર આર્ટ થાઉ?":** મહાકાવ્યને અમેરિકાનાં ગ્રેટ ડિપ્રેશનના સમયની કોમેડીમાં ફેરવતી રચના.
**2024– ઉબેર્તો પાસોલિનીનીધ રિટર્નઃ** રાલ્ફ ફાઇન્સ એક આઘાતગ્રસ્ત ઓડિસ્યૂસ તરીકે; દેવતાઓ અને રાક્ષસો વિનાની, ઘરે પાછા ફરવાની સ્ટ્રિપ્ડ ડાઉન કરાયેલી કથા.
**2026– નોલનની આવૃત્તિઃ** અપરાધભાવથી પીડાતા આધુનિક ઓડિસ્યૂસને સમગ્ર સમુદ્રયાત્રા અને વૈશ્વિક બ્લોક બસ્ટરના વિશાળ ફલક પર રજૂ કરતી ફિલ્મ.



### ધી ઓડિસી મહાકાવ્યની અનેક સાહિત્યિક પુનઃકલ્પનાઓ

**1842 – આલ્ફ્રેડ લોર્ડ ટેનિસન, યુલિસિસઃ** ઘરે પાછા ફર્યા પછી પણ પ્રવાસની ઝંખના ન છોડી શકતા વૃદ્ધ ઓડિસ્યૂસનું નાટ્યાત્મક એકોક્તિ-કાવ્ય.
**1922 – જેમ્સ જોયસ, યુલિસિસઃ** ઓડિસ્યૂસની દસ વર્ષની યાત્રાને ડબ્લિનમાં લિયોપોલ્ડ બ્લૂમના જીવનના એક દિવસમાં ફેરવતી આધુનિકતાવાદી નવલકથા.
**1938 – નિકોસ કાઝાન્ઝાકિસ, ધ ઓડિસીઃ** અ મોડર્ન સિક્વલ:હોમરની કથા જ્યાં પૂરી થાય છે ત્યાંથી ઓડિસ્યૂસની નવી આધ્યાત્મિક અને દાર્શનિક યાત્રા શરૂ કરતું વિશાળ મહાકાવ્ય.
**1974 – સિતાંશુ યશશ્ચંદ્ર, ઓડિસ્યૂસનું હલેસુંઃ** પુનર્કથન નહીં, પરંતુ ઓડિસ્યૂસ અને તેના હલેસાને આધુનિક મનુષ્યના વિસ્થાપન, એકલતા અને અસ્તિત્વનાં અતિવાસ્તવવાદી પ્રતીકોમાં ફેરવતો ગુજરાતી કાવ્યસંગ્રહ.
**1990 – ડેરેક વૉલકોટ, ઓમેરોસઃ** હોમરના પાત્રો અને પ્રતીકોને કેરિબિયન ઇતિહાસ, ગુલામી અને વસાહતી ઓળખ સાથે જોડતું આધુનિક મહાકાવ્ય.
**1997 – ચાર્લ્સ ફ્રેઝિયર, કોલ્ડ માઉન્ટનઃ** અમેરિકન સિવિલ વૉરની પૃષ્ઠભૂમિમાં એક સૈનિકની ઘરવાપસીને ઓડિસ્યૂસની યાત્રા તરીકે પુનઃકલ્પતી નવલકથા.
**2005 – માર્ગરેટ એટવુડ, ધ પેનેલોપિએડઃ** પેનેલોપી અને મૃત્યુદંડ પામેલી તેની 12 દાસીઓના દૃષ્ટિકોણથી કથા કહેતી તીક્ષ્ણ નારીવાદી પુનઃરચના.
**2017 – એમિલી વિલ્સન, ધ ઓડિસીઃ** પુનઃકલ્પના નહીં, પરંતુ હોમરના મહાકાવ્યનો અત્યંત પ્રભાવશાળી અંગ્રેજી અનુવાદ. "Tell me about a complicated man"થી શરૂ થતો આ અનુવાદ નોલનની ઓડિસ્યૂસ વિશેની કલ્પના માટે પ્રેરણારૂપ બન્યો
**2018 – મેડેલિન મિલર, સર્સીઃ** ઓડિસ્યૂસની કથામાં આવતી જાદુગરણી સર્સીને પોતાની સ્વતંત્ર કથા અને અવાજ આપતી નવલકથા.

પોતાનો ચહેરો તરત નથી બતાડતો. અમુક સમીક્ષકોએ આ દૃશ્યની ચર્ચના કન્ફેશન બૉક્સના માહોલ સાથે સરખામણી કરી છે.

૨૬ સદીનું અંતર છે, મૂળ મહાકાવ્ય અને આ ફિલ્મ વચ્ચે, અને આ અંતરે જે ઈશ્વરને રિઝવવાનો છે તેનો ચહેરો બદલી નાખ્યો છે. નોલનની 'ધ ઑડિસી'માં ઈથાકાના રાજા તરીકે મેટ ડેમન, પેનેલોપીના પાત્રમાં એન હેથવે અને ટેલેમૅકસ તરીકે ટૉમ હોલૅન્ડ છે. સંપૂર્ણપણે 70mm IMAX પર શૂટ થયેલી આ ફિલ્મ 17 જુલાઈએ લંડન, મુંબઈ અને ન્યૂ યૉર્કમાં યોજાયેલા

**બહુશ્રુત**
**ચિરંતના ભટ્ટ**

પ્રીમિયર બાદ રિલીઝ થઈ. તેના મોટા ભાગના વિવેચકો ફિલ્મને હોમરથી સભાનપણે જુદો પડતો એક પ્રયાસ માની રહ્યા છેઃ આ ઓડિસ્યૂસ ચતુર નથી, વિજયી નથી અને ખાસ વીર પણ નથી. તે અપરાધભાવથી પીડાય છે. બરાબર એવી જ લાગણી, જે આપણા ચક્રવર્તી રાજા અશોકને કલિંગના યુદ્ધ પછી અનુભવાઈ હતી.

એક સમીક્ષકે લખ્યું કે આ ઓડિસ્યૂસ હોમરે મૂળ મહાકાવ્યમાં જેવો આલેખ્યો હતો એવો 'અનેક લેયર્સ ધરાવતો માણસ' નથી; તેનામાં એક જ લાગણી છે અને તે છે ગિલ્ટ, એટલે કે અપરાધભાવ. બીજા વિવેચકે નોંધ્યું કે તેને ઈથાકા કે પેનેલોપીની ઝંખના કરતાં પણ વધુ ગહેરો છે તેનો પશ્ચાત્તાપ, અને તે જ તેને પોતાના ઘરે પાછો ધકેલે છે. ત્રીજા સમીક્ષકે એથીયે વધુ ધારદાર

### બાય ધી વે

આ અઠવાડિયે કોઈ IMAX થિયેટરમાં બેઠેલા પ્રેક્ષકોએ એક યુદ્ધવીરને ફરીથી હત્યા કરતાં પહેલાં રડતો જોયો અને બહાર નીકળીને અનુભવ્યું કે આખરે તેમણે આ પાત્રનું પ્રામાણિક સ્વરૂપ જોયું. હોમરના પ્રેક્ષકોએ એ જ માણસને પહેલાં હત્યા કરતો અને પછી ક્યારેય ન રડતો જોયો હતો. તેમને પણ એ જ સ્વરૂપ પ્રામાણિક લાગ્યું હતું. બન્ને યુગના પ્રેક્ષકોને તેઓ જે અંત જોવા આવ્યા હતા એ જ મળ્યો. ત્રણ હજાર વર્ષમાં 'સારો પુરુષ' કોને કહેવો તેની વ્યાખ્યામાં ખરેખર કેટલો ઓછો ફેરફાર થયો છે, તેનો અર્થ તમે તમારી રીતે કાઢી શકો છો. ફરક માત્ર એટલો છે કે હવે ખરાબ અનુભવવાની તેની અભિનયક્ષમતાને વધુ સારી પ્રોડક્શન વેલ્યુ મળી ગઈ છે.

વાત કરીઃ આ વાર્તામાંથી દેવતાઓ લગભગ અદૃશ્ય થઈ ગયા છે. એથેના દેખાય છે, પણ પોતાની સ્વતંત્ર ઈચ્છા ધરાવતી દેવી કરતાં ઓડિસ્યૂસના અંતરાત્માના ભ્રમ જેવી વધુ લાગે છે. પોસાઈડનના ક્રોધનો માંડ સંકેત મળે છે. ઝિયૂસ માત્ર ગર્જના બનીને રહી જાય છે, પણ એથી વધુ કશું નહીં.

અપેક્ષા પ્રમાણે આ બાબતને પણ કલ્ચર વૉરનો મુદ્દો બનાવી દેવામાં આવ્યો છે. પશ્ચિમી સાહિત્યના સૌથી પ્રાચીન મહાકાવ્યને હૉલીવુડે 'વોક' બનાવી દીધું છે? તેના દેવતાઓ અને ગૌરવને હટાવીને થેરાપીની ભાષા સમજતા આધુનિક પ્રેક્ષકોને અનુકૂળ, વધુ લાગણીશીલ એવો કોમળ હીરો સર્જી નાખ્યો છે? પણ તો શું થઈ ગયું? કારણ કે સર્જનાત્મક સ્વતંત્રતા ક્રિસ્ટોફર નોલન નહીં લે તો કોણ લેશે?

આમ પણ મને લાગે છે કે આ દલીલ મુદ્દાની બહાર છે અને કંટાળાજનક પણ. નોલને જે મજાનું કામ કર્યું છે તે એ છે કે તેણે કહેલી કથામાં ઓડિસ્યૂસને ન્યાય આપનાર અદાલત જ બદલી નાખી છે. હોમરની કથામાં ઓડિસ્યૂસને દૈવી શક્તિ દ્વારા સજા મળે છે. પોસાઈડન તેનો પીછો એટલા માટે કરે છે કે તેણે તેના પુત્ર પૉલિફીમસને અંધ કર્યો હતો અને ખાસ તો એટલા માટે કે ત્યાંથી બચી ગયા બાદ ઓડિસ્યૂસે અભિમાનમાં પોતાનું નામ પણ જાહેર કરી દીધું હતું. ટ્રૉયથી પાછા ફરતાં દરિયામાં ભટકવામાં ગયેલાં તેનાં દસ વર્ષ આ દૈવી ક્રોધની સજા બને છે.

આ પ્રવાસ દરમિયાન તે જે હિંસા કરે છે અને ઘરે પહોંચીને જે સંહારનું નેતૃત્વ કરે છે, તેને પણ એ જ બ્રહ્માંડીય વ્યવસ્થામાં માન્યતા મળે છે. જ્યારે દેવતાઓ ક્રોધિત હોય, ત્યારે તેમના ક્રોધના પરિણામ માટે કોઈ મનુષ્યને સંપૂર્ણપણે જવાબદાર કેવી રીતે ગણવો?

...અનુસંધાન પાના નં. 4 પર

# જીવતા હોત તો એમને સોમું વર્ષ બેઠું હોત...

## માધવસિંહ સોલંકીના શતાબ્દી વર્ષના આરંભે....

ગુજરાત રાજ્યની સ્થાપના થયા પછી તેનું સુકાન ડૉ. જીવરાજ મહેતા જેવા વિચક્ષણ રાજપુરુષને સોંપાયું હતું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રહી ચૂકેલા કચ્છના લોકસેવક કુંદનલાલ ધોળકિયાએ આયુષ્યના અવશેષે 'સમયને સથવારે ગુજરાત' શીર્ષક હેઠળ એક રાજકીય વિશ્લેષણાત્મક પુસ્તક લખ્યું હતું. તેમાં તેમણે પોતાના આયુષ્ય દરમિયાન જોયેલા મુખ્યમંત્રીઓ વિશે નિખાલસ ચર્ચા કરી હતી. જીવરાજ મહેતા તેમની દૃષ્ટિએ શ્રેષ્ઠ મુખ્યમંત્રી હતા. હિતેન્દ્ર દેસાઈ અને બાબુભાઈ જશભાઈ પટેલને પણ તેઓ સારા મુખ્યમંત્રીઓ ગણાવે છે. બળવંતરાય મહેતા, અમરસિંહ ચૌધરી અને કેશુભાઈ પટેલ તેમને મધ્યમ કક્ષાના મુખ્યમંત્રી લાગે છે, જ્યારે ચીમનભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, શંકરસિંહ વાઘેલા અને નરેન્દ્ર મોદી તેમને કનિષ્ઠ કક્ષાના મુખ્યમંત્રી લાગે છે. આવા વર્ગીકરણ પાછળ તેમની પાસે સબળ કારણો અને દલીલો છે. આ પુસ્તક ગૂર્જર પ્રકાશન દ્વારા પ્રકાશિત થયું હતું. અત્યારે તે ઉપલબ્ધ છે કે નહીં, તેની મને ખબર નથી; પરંતુ તેના વિમોચન પ્રસંગે હું ઉપસ્થિત રહ્યો હતો. વિમોચન સ્વ. દિનેશ શાહના વરદ હસ્તે લાલ દરવાજા પાસે ભદ્રમાં આવેલા જૂના કોંગ્રેસ ભવન ખાતે યોજાયું હતું. કુંદનલાલ ધોળકિયાએ કરેલું આ વર્ગીકરણ તેમના આદર્શ ધોરણો અને લોકતંત્રમાં બંધારણ દ્વારા રાખવામાં આવેલી અપેક્ષાઓના માપદંડો મુજબનું હતું. તેઓ અણીશુદ્ધ, ટકોરાબંધ, તટસ્થ અને પક્ષપાતરહિત વહીવટના આગ્રહી હતા. વિધાનસભાના અધ્યક્ષપદે નિમાયા પછી તેમણે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે કોઈ વહેરો-વંચો રાખ્યો નહોતો. મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા માધવસિંહ સોલંકીને તેઓ ડાબી અને જમણી આંખની જેમ સરખું મહત્ત્વ આપતા હતા.

કુંદન એટલે તપાવેલું સો ટચનું સોનું. કુંદનલાલને જોયા પછી ગાંધીજીને સમજવામાં ઝાઝી તકલીફ ન પડે. પરંતુ રાજકારણ તો



શક્યતાઓની ચોપાટ છે અને તેમાં 'જીત્યો એ જ સિકંદર'વાળી ફોર્મ્યુલા ચાલે છે. ખુદ ગાંધીજીએ તેમના બહુચર્ચિત પુસ્તક 'હિંદ સ્વરાજ'માં પાર્લામેન્ટને કેવો સરપાવ આપ્યો હતો, તે કોણ નથી જાણતું? ઘણાં બધાં સમાધાનો સાથે રાજનેતાઓને અનુકૂળ થવું પડે છે. એ સિવાય આજની વૈશ્વિક રાજનીતિમાં તેઓ ટકી જ ન શકે. એટલે જ નૈતિક મૂલ્યોના અમલનો આગ્રહ રાખનારા નેતાઓ કાં તો રાજકારણમાં પડવાનું જ ટાળે છે, અને જો ભૂલથી આવી પડે તો વહેલી તકે હાથ જોડી એ કાદવમાં ખરડાવું પડે તે પહેલાં નીકળી જવામાં જ શ્રેય માને છે. આપણા ચાર મુખ્યમંત્રી જુલાઈ મહિનામાં જન્મેલા છે. એકવીસમી જુલાઈ શંકરસિંહ વાઘેલાની જન્મતારીખ છે; ચોવીસમી જુલાઈ કેશુભાઈ પટેલની, ત્રીસમી જુલાઈ માધવસિંહ સોલંકીની અને એકત્રીસમી જુલાઈ અમરસિંહ ચૌધરીની. કેવો વિચિત્ર

**ખુદ ગાંધીજીએ તેમના બહુચર્ચિત પુસ્તક 'હિંદ સ્વરાજ'માં પાર્લામેન્ટને કેવો સરપાવ આપ્યો હતો, તે કોણ નથી જાણતું? ઘણાં બધાં સમાધાનો સાથે રાજનેતાઓને અનુકૂળ થવું પડે છે**

યોગાનુયોગ! તેને યોગાનુયોગ જ કહીશું કે વિશિષ્ટ રાજયોગ?

શંકરસિંહ વાઘેલાની જન્મતારીખ અને આપણા લાડીલા કવિ ઉમાશંકર જોશીની જન્મતારીખ એક જ દિવસે આવે છે. જોકે ઉમાશંકરના પિતા પોતે જ ગોરપદું કરતા હતા, એટલે તેમની જન્મતારીખ સાચી જ હોય; પરંતુ શંકરસિંહ તો સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા છે. એ જમાનામાં શાળામાં પ્રવેશ વખતે માસ્તર પોતાની મનપસંદ તારીખે વિદ્યાર્થીઓને જન્માવી દેતા હતા. બાળકના માતા-પિતાને કોઈ પૂછવા જતું જ નહીં. એટલે કદાચ તેમની સાચી જન્મતારીખ જુદી હોઈ શકે છે. માધવસિંહ સોલંકીના કિસ્સામાં જન્મતારીખ ખોટી હોવાની શક્યતા એટલા માટે ઓછી છે કે તેમના પિતા ફૂલસિંહ પોતે શિક્ષક હતા. કેશુભાઈ પટેલની જન્મતારીખ વિશે પણ શંકા કરી શકાય. પરંતુ સત્તાવાર રીતે આ ચારેય મુખ્યમંત્રીઓની જન્મતારીખ જુલાઈ મહિનામાં આવે છે અને એ રીતે જ ઉજવાતી રહે છે. આ પૈકી શંકરસિંહ વાઘેલા એકલા જ હયાત છે, પરંતુ તેમની સાથે જુલાઈ મહિનામાં જન્મેલા ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓનું વજૂદ હજી સાવ ઓસરી ગયું નથી. કેશુભાઈ પટેલ ભારતીય જનતા પાર્ટીના પાયાની ઈંટ પણ છે અને શિખર પણ. ભલે શંકરસિંહ વાઘેલા એવો દાવો કરે કે તેમના કારણે જ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને દેશમાં પણ ભારતીય જનતા પાર્ટી સમર્થ રાજકીય પક્ષ તરીકે ઊભરી આવી. તેમણે તો બળવો કરીને આત્મવિલોપનનો જ માર્ગ પ્રશસ્ત કર્યો હતો, જેનો સાચો અને સીધો ફાયદો નરેન્દ્ર મોદીએ ઉઠાવ્યો હતો. અમરસિંહ ચૌધરીની આદિવાસી વિસ્તારોમાં અસર ભૂંસાઈ ગઈ નથી. તુષાર ચૌધરી આજે પણ તેમની રાજકીય પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે અને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે કાર્યરત છે.

**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

આ ત્રીસમી જુલાઈના દિવસે તેઓ સોમા વર્ષમાં પ્રવેશ્યા હોત. માધવસિંહ સોલંકીએ કોંગ્રેસને વિક્રમજનક વિજય જરૂર અપાવ્યો હતો, પરંતુ તેમની જ્ઞાતિવાદી ગણતરી સરવાળે તો કોંગ્રેસના વિનિપાતમાં જ પરિણમી હતી. તેમ છતાં, અંગત ગુણવત્તાની દૃષ્ટિએ માધવસિંહ સોલંકી ગુજરાતને મળેલા એક અભૂતપૂર્વ મુખ્યમંત્રી હતા, એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. તેઓ જે સમયે ગુજરાતના મુખ્યમંત્રીપદે આવ્યા, તે વખતે હિતેન્દ્ર દેસાઈ જેવા પ્રતિભાશાળી મુખ્યમંત્રીની બોલબાલા હતી. મુખ્યમંત્રી તરીકે બાબુભાઈ જશભાઈ પટેલ અને ચીમનભાઈ પટેલ જેવા ધુરંધરો સાથે સ્પર્ધા હતી. અઠંગ ગાંધીવાદી વડીલો રતુભાઈ અદાણી અને ઝીણાભાઈ દરજીનો દબદબો હતો. માધવસિંહ સોલંકીને આગળ ધરવામાં આ બંને મોવડીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમને આ ક્ષત્રિય નેતામાં ગુજરાતમાં કોંગ્રેસને મજબૂત સ્થિતિમાં લાવી આપવાનું કૌવત દેખાયું હતું.

મૂળભૂત રીતે માધવસિંહ રાજકારણના જીવ નહોતા. જ્યારે મુંબઈ ધારાસભામાં ચૂંટાઈ આવેલા તેમના સસરા ઈશ્વરભાઈ ચાવડાએ પોતાની બેઠક પરથી રાજીનામું આપવું પડ્યું,

...અનુસંધાન પાના નં. 4 પર

### સિલી પોઈંટ

